# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ




ઉદાર રાષ્ટ્રીય-ભાવનાની મિસાલ જોઇએ!
સૌમ્ય ને મૂક-સેવા શિખવા નિશાળ જોઇએ!
ઓશિયાળ ન્હોય શિયાળ જેવાં પ્રચાર-તંત્ર નો-
શિખરે રહેનારાની દૃષ્ટિ વિશાળ જોઇએ..
(ઉદ્ધવ ઠાકરે ની સલાહ)

**હાઈકુ**

સત્તા ન્હોય તો -
સાથી વિચારે આવે -
'પરિવર્તન'!
(કેશુભાઇ!!)

દબાતો નથી,
એન્કૌંટરી તપાસે -
પોલીસ લાવા..
(નીડર અધિકારીઓ..)

## ચિંતન

**જિહ્વો લોકઃ કથયતિ પુરા હન્ન હિત્વ ગુણૌધાનમ્ભઃ ક્ષારં ગુણગણનિધેસ્તસ્ય રત્ના કરસ્ય ।**
**વિશ્વે છિદ્રાનુસરણસમારૂઢ સર્વે ઇન્દ્રિયાણાં દોષે દૃષ્ટિઃ પિશુન મનસાં નાનુ રાગો ગુણેષુ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - 'દુર્જન નિંદા'ના આ શ્લોક છે :

આ સમુદ્ર કે જે ગુણોનો ભંડાર છે અને રત્નોની ખાણ છે તેનો વિચાર કર્યા વિના દોષ દષ્ટિ ધરાવનાર, વાંકા લોકો તો 'સમુદ્રનું પાણી ખારૂં છે' એમ કહી એનો દોષ જ જુએ છે, ખરેખર લોકોની દૃષ્ટિ દોષદૃષ્ટા-વાકું જોવાની બીજાના દુર્ગુણો જ જોવાની - એમની ઇન્દ્રિયો તમામ બીજાના છિદ્રો જોવામાં જ સદાય પ્રવૃત્ત રહે છે કોઇનાં સદ્ગુણ તેમને દેખાતા જ નથી.

દોષદદૃષ્ટિ ધરાવનારા લોકોને હંમેશાં પાણીથી અર્ધો ભરેલો ગ્લાસ - અર્ધો ખાલી જ દેખાય છે બે દિવસ વચ્ચે માત્ર એક અંધારી રાત જોવાને બદલે એમને બે અંધારી રાત વચ્ચે એક જ દિવસ દેખાય છે. વાંક દેખા કદી પણ કોઇનું સારૂં - જોઇ શકતા નથી; ગમે તેવો અને ગમે તેટલો દુર્જન હોય પણ એમાં ય કોઇને કોઇ સદ્ગુણ તો હોય જ છે. રાવણને એક તામસી-ચારિત્ર્યહીન રાક્ષસ જોવા કરતાં મહાબલિ અને વિદ્વાન પંડિત - બ્રાહ્મણ તરીકે જોવો જોઇએ. પણ આવું જોનારા કેટલા? સામાન્યતઃ લોકોને કંઇ સારૂં-સદ્ગુણ જોવા કરતાં વાંકુ-દુર્ગુણ જોવાની જ ટેવ પડી ગઇ છે.

## સુવિચાર

- માણસ હાસ્યની ભાષા ભૂલી જાય છે, તે જીવનનું ઘણું બધુ ભૂલી જાય છે **- ગાંધીજી**
- મને એવું નિખાલસ હાસ્ય ગમે છે, જે એકી સાથે હોઠ અને હૈયાને ખોલી આત્માની ઝલક દર્શાવે છે **- ક્રાંતિ ભટ્ટ**
- ભૌતિક સંપત્તિ નાશ પામ્યા પછી જે બાકી રહે તે જ અમીરાત, ખાનદાની અને જીવનની સાચી સમજણ **- વિદૂર**
- જીવનમાં કાંઇક પ્રાપ્ત કરવાની ધગધગતી મહેચ્છા જેટલી તીવ્ર એટલો તે તરફનો માર્ગ ઝડપથી તૈયાર થાય છે **- રોબિન શર્મા**
- સમાજ ટકી રહ્યો છે, ગણ્યાં ગાંઠ્યા સજ્જનોના સત્કર્મો ને સહારે અને એમની સાચી ભક્તિના આધારે **- ઝેન સભ્ય**
- સમય આપણને શાણા (ડંડા મારી) બનાવે તે પહેલા આપણે જ સમયસર શાણા બની જવું જોઇએ **- એસ. ભટ્ટાચાર્ય**

## બોધ કથા

યાત્રા-પ્રવાસથી કદાચ પ્રકૃતિ-સૌંદર્ય અને જુદી જુદી પ્રજા-સંસ્કૃતિ સાથે વિવિધ અનુભવો પણ મળતા હશે પણ 'મન ચંગા તો કથરોટ મેં ગંગા - સુખ-શાંતિનું પરમધામ એટલે ઘર' જેવી કહેતીઓ પણ અનુભવનું નવનીત જ છે ને!

**એક કલ્પનાશીલ માણસ પરમસુખની પ્રાપ્તિ માટે પ્રયત્નમાં હતો.** આકાશ તરફ મીટ માંડી ઊંડતા પંખીઓને જોઇ ઊંચા ઊંચા પર્વતો પર ગયો - પાતળી હવા અને કઠિન ચઢાણથી કંટાળ્યો થાક્યો.

તેની નજર સમુદ્ર પણ પડી અને એના અતલ ઊંડાણોમાં જઇ સમુદ્રની વનસ્પતિ અને રત્નો કિમતી પથ્થરા એકઠા કરી લાવ્યો પણ પીવા માટે ક્યાંક "મીઠુ" પાણી મળ્યું જ નહીં બધું કિનારે મૂકી પોતાના ગામડે ખેતરને ખોળે આવ્યો.

ખેતરના કુવામાંથી મીઠું પાણી સિચ્યું, શેઢે ઉભેલાં ચીકું-પપૈયાંના ફળ ખાધાં અને લીમડા નીચે પડેલા ખાટલામાં ચિતો-પાટ પડી વિચારવા લાગ્યો - અને મનમાં બોલ્યો.

ઉપર જાઓ પર્વતો પર ચઢો કે નીચે જઇ સમુદ્રના તલ માપો પણ સાચા સુખનો આનંદ તો તમે જયાં છો ત્યાં જ મળે-સુખ-શાંતિ બહાર નથી તમારા ઘરમાં-તમારા મનમાં જ છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# ઉત્તરાંખંડ : આસમાં પે હૈ ખુદા ઔર જમીં પર હમ

**કોફી હાઉસ**
- ઉત્સવ પરમાર

૧૬ જૂન ૨૦૧૩ ઉત્તરાખંડનાં આકાશમાં વાદળો ઘેરાવાનાં શરૂ થયા, ત્યાં સુધી જમીન પર બદ્રીનાથની યાત્રા કરવા જઇ રહેલાં દર્શનાર્થીઓની ભાવભક્તિ ભરેલી આંખોને કલ્પના પણ નહીં હોય કે આવનારા ગણતરીનાં કલાકોમાં આ વાદળોમાંથી ખાબકવા વાળો વરસાદ તેમની જિંદગીઓમાં તોફાન સર્જી નાખશે...

૨૬ જુલાઇ ૨૦૦૬નાં રોજ મુંબઇમાં મુશળધાર વરસાદ થયો ત્યારે હવામાન ખાતાનાં રેઇન ગેજે આંકડો બતાવ્યો હતો ૯૪૪ મી.મી. અને ઉત્તરાખંડમાં આ આંકડો છે. ૩૭૦ મી.મી... ૩૭૦ મી.મી.નાં વરસાદે પહાડોન તળેટીમાં વસેલા નગરને તબાહ કરી નાખ્યું.... ચાર ધામનાં હજારો દેવતાઓની આંખો સામે જ... મંદિરો બચી ગયા એમાં લોકો અને ટીવી ન્યૂઝ ચેનલો ને ચમત્કાર લાગ્યો અન માણસો ન બચી શક્યા એમાં પ્રકૃતિનો પ્રકોપ લાગ્યો... ડિઝાસ્ટર મેનેજમેન્ટ નહીં મેનેજમેન્ટ ડિઝાસ્ટરનાં નિર્વિરોધ તર્ક સામે કેટલીક લાશો પાણીમાં તરી રહી છે... બહુ ઓછી એવી ક્ષણો આવે છે જયારે આકાશ જોઇને માણસને ગુસ્સો આવી જાય..!!

આવું કેમ થયું હશે? પર્યાવરણવાદીઓથી માંડીને પર્યાવરણવિદ્દો સુધી, રસ્તાઓમાં યાત્રિકો માટે પ્રસાદ વેચનારાઓથી માંડીને પંડિતો સુધીની શૃંખલાઓમાં તર્ક - વિતર્કમાં શૃંગ-ગર્ત જોવા મળી રહ્યા છે... હમણાં થોડાં જ વખત પહેલાં પ્રાદેશિક વિશિષ્ટતાઓનાં આધાર પર છૂટા પડેલા ઉત્તરાખંડનાં કપાયેલાં જંગલો પ્રશ્ન ભરી નજર સામે જોઇ રહ્યાં છે... રીવર મેનેજમેન્ટની સરકારી ફાઇલોમાં પીળા કાગળીયાં હાથમાં પ્રશ્નાર્થચિહ્ન લઇને ઊભા છે... પ્રશ્નોની અવિરત શૃંખલાઓ લઇને ઉત્તરાખંડની પ્રજા ઉભી છે... અને હવે સમગ્ર દેશની...!!



વરસાદ જયાં સુધી ઝરમર ઝરમર વરસે ત્યારે એ રોમેન્ટીક ફિલ્મ જેવો લાગે પણ એ બેપરવાહ થઇને આકાશની છાતી ફાડીને વરસે ત્યારે હોરીફીક બની જાય છે... મૌસમની જલવાયુઓનાં આ દેશમાં વરસાદ શતાબ્દીઓથી અનિશ્ચિતતાઓ અને આશાઓ વચ્ચે વરસતો રહ્યો છે. અથવા વરસાવતો રહ્યો છે... પણ આટલા વરસોથી - આટલી સદીઓથી મૂંઝવણભર્યા નિસાસા નાખતો માણસ મન કે મશીનો વડે વરસાદનાં ભાગ ભજવી શકતો નથી.... અનિશ્ચિતતા - અનસરટેનીટી!! કે સેરા સેરા...!!

સાયકલોન એ વરસાદની વિપરીત ખાસ્સી ઓર્ગેનાઇઝડ વેધર સિસ્ટમ છે, જેની ચોકસાઇપૂર્વક આગાહી કરી શકાય છે, પણ વરસાદ વિશે કંઇ જ કહી ના શકાય. હા પણ તંત્રએ સો ટકા સાબદું તો રાખી શકાય. ઉત્તરાખંડની સરકાર આ બાબતે નિષ્ફળ નિવડી. ક્વિક રિસ્પોન્સ ટીમનો ટાઇમ ઘડિયાળનાં કાંટાની બહાર જઇને માપી શકાય એવો હતો. આર્મીનાં જવાનોનાં મજબૂત ફૌલાદી હાથોએ બાથ ના ભીડી હોય તો ખુવારી વધી ગઇ હોત...

ફક્ત યાત્રિકો જ નહીં... ગૌરીકુંડ - કેદારનાથનાં ૧૪ કિ.મી.નાં ટ્રેક પર આજુબાજુનાં ગામોમાંથી આવેલાં યાત્રિકોની સુવિધાઓ- શહેરોમાં છોડી આવેલા તમામ આરામો સાચવતાં લોકોનાં ધંધા ડૂબી ગયા... આ એ લોકો છે જે ટ્રાફિક પર નાની મોટી વસ્તુઓ વેચતા જોવા મળી શકે છે... કોઇ વૃદ્ધને ખભાનાં જોર પર ઊંચકીને લઇ જતા જોવા મળી શકે છે... સબ ખતમ હો ગયા...

સરકાર પર ભારણ છે - દર બાર વર્ષે એક વાર થતી નંદાદેવી યાત્રા આ સપ્ટેમ્બરમાં આયોજિત થવાની છે... સરકારી આયોજનો સામે પ્રશ્નાર્થ છે!! હજી કેટલીય લાવારિસ લાશો નદીનાં પાણીમાં સડી રહી છે, મહામારીનો ખૌપ છે... અને બીજી બાજુ નેતાઓની રાજનીતિમાં ખેલ કેમેરાઓની આંખ આગળ નાચી રહ્યાં છે...!! બેવકૂફ નિહાયત ખુદગર્ઝ સિયાસતદારો દેશની પ્રજા સામે પોતાની કનિષ્ઠ બુદ્ધિમત્તાનું પ્રદર્શન કરી રહ્યાં છે... આપણી લોકશાહી સામે પાણી લઇને ફાટવા તૈયાર વાદળો રસી રહ્યાં છે... કુદરતની તાકાત આગળ તમામ હથિયારો મુકી દેવા પડે છે... બસ હવે આગળ જોવાનું છે કે વક્ત કી કિતાબ અગલા કૌન સા પન્ના ખોલતી હૈ...

- ch9723317947@yahoo.com

# ઉત્તરાખંડમાં ફસાયેલા નાગરિકોની સહાયે, ગુગલ!

**જ્ઞાન કળશ**
- મૌલિક દવે

આપ સૌ, ઉત્તરાખંડમાં થયેલી ઘટના અને તેના દ્વારા થયેલા સર્વનાશથી આપ સૌ વાકેફ છો જ. ઉત્તરાખંડમાં આવી પડેલ આ મુશ્કેલી ને લીધે, હજારોની સંખ્યામાં ત્યાંના સ્થાનિક તથા દર્શનાર્થીઓ ફસાઇ ગયેલ છે. આમની મદદે ભારતીય સેનાની સાથે સાથે હવે ટેકનોલોજીના ક્ષેત્રે અભૂતપૂર્વ કાર્ય કરનાર કંપની ગુગલ પણ સાથે આવી છે. ગુગલ દ્વારા ઉત્તરાખંડમાં ફસાયેલા દરેક નાગરિક, ત્યાં ચલાવાતા સુરક્ષા કેમ્પ તથા પળ પણની વાસ્તવિકતાથી સૌને રૂબરૂ કરાવવા વેબસાઇટ બનાવવામાં આવી છે. ત્રણ દિવસ પહેલાં શરૂ થયેલા Google Person Findes Servise હાલમાં ૮,૫૦૦ થી વધુ લોકો વિશે માહિતી પુરી પાડે છે.

પોતાના પ્રિયજનો વિશેની માહિતી તથા સંપર્ક સાધવામાં આ સર્વિસ ઘણી જ મદદરૂપ નિવડે છે. આનો સર્વિસવનો ઉપયોગ કરવા માટેની URL - http://google.org/personfondes છે. આ સાઇટ પર જતાં જ આપ, ૨૦૧૩, ઉત્તરાખંડ ફ્લડ (2013, Uttarakhand Floods) પર જે તે વ્યક્તિની માહિતી મેળવી તથા આપી શકો છો.

ગુગલે ટેકનોલોજીનો ઉત્તમ ઉપયોગ કરીને એક આદર્શ ઉદાહરણ પુરૂં પાડ્યું છે કે, ટેકનોલોજીના સદ્ઉપયોગથી આપણે સમાજમાં કેટલી મદદ કરી શકીએ છીએ.

- maulikdave05@gmail.com

# ૨૦૦૯ નું વર્ષ છેલ્લા કેટલા વર્ષોમાં સૌથી ગરમ વર્ષ હતું?

**● વિષય : વિજ્ઞાન-જગત**

(૧) આઈપેડ ટેબ્લેટ કમ્પ્યુટરની બેટરી ઉપયોગમાં હોય ત્યારે સતત કેટલા કલાક સુધી ચાલે છે?
(અ) ૧૫ કલાક (બ) ૧૦ કલાક (ક) ૨૦ કલાક (ડ) ૮ કલાક
(૨) ૪૬ વૈજ્ઞાનિકોની ટીમે કેટલા વર્ષની મહેનત પછી માનવસર્જિત DNA દ્વારા નિયંત્રણ વિશ્વના પ્રથમ સિન્થેનિક સેલની રચના કરી છે?
(અ) ૧૦ વર્ષ (બ) ૧૫ વર્ષ (ક) ૨૦ વર્ષ (ડ) ૭ વર્ષ
(૩) ગ્લોબલ વોર્મિંગને કારણે સમગ્ર વિશ્વમાં કયું વર્ષ સૌથી વધારે ગરમ કહેવાની શક્યતા છે?
(અ) ૨૦૧૨ (બ) ૨૦૧૧ (ક) ૨૦૧૦ (ડ) ૨૦૧૩
(૪) માનવસર્જિત DNA દ્વારા સિન્થેટિક સેલનાં સર્જનમાં કેટલા કરોડ ડોલરનો ખર્ચ થયેલ છે?
(અ) ૨ કરોડ ડૉલર (બ) ૧.૫ કરોડ ડોલર
(ક) ૪ કરોડ ડોલર (ડ) ૩ કરોડ ડોલર
(૫) આઈપેડ ટેબ્પેટ કોમ્પ્યુટરની બેટરી જયારે સ્ટેન્ડબાય અવસ્થઆમાં હોય ત્યારે કેટલો સમય ચાલે છે?
(અ) ૨ દિવસ (બ) ૨૦ દિવસ
(ક) ૨ મહિના (ડ) ૧ મહિનો
(૬) 'બ્લીઝાર્ડ' સુપર કોમ્પ્યુટરમાં વપરાયેલા કેબલોની લંબાઈ કેટલા કિલોમીટર જેટલી છે?
(અ) ૨૦ કિ.મી. (બ) ૩૦ કિ.મી.
(ક) ૪૦ કિ.મી. (ડ) ૫૦ કિ.મી.
(૭) કેટલા વિજ્ઞાનીઓની ટીમ માનવસર્જિત DNA દ્વારા સિન્થેટિક જીવંત સેલનું સર્જન કર્યું છે?
(અ) ૪૬ (બ) ૪૦ (ક) ૩૫ (ડ) ૫૦
(૮) ૨૦૧૦નાં વર્ષમાં વાર્ષિક સરેરાશ ડિગ્રી કેટલા સેલ્સિયસ નોંધાશે તેવું અનુમાન કરાયું હતું?
(અ) ૧૩.૬૦ (બ) ૧૪.૫૮ (ક) ૧૫.૪૪ (ડ) ૧૬.૩૨
(૯) ૨૦૦૯ નું વર્ષ છેલ્લા કેટલા વર્ષોમાં સૌથી ગરમ વર્ષ હતું?
(અ) ૧૫૦ (બ) ૧૬૦ (ક) ૧૪૦ (ડ) ૧૪૪
(૧૦) ૨૦૧૦નું વર્ષ કયા વર્ષ કરતાં વધારે ગરમ હતું?
(અ) ૨૦૦૬ (બ) ૨૦૭ (ક) ૨૦૦૮ (ડ) ૨૦૦૯
(૧૧) 'માઈક્રોએરવેટિકલ' નામનું જાસૂસી ઉપકરણ કેટલા સેમી. લંબાઈ ધરાવે છે?
(અ) ૫૦ સેમી (બ) ૨૦ સેમી (ક) ૩૦ સેમી (ડ) ૪૦ સેમી
(૧૨) 'માઈક્રોએરવેટિકલ' નામનું જાસૂસી ઉપકરણ કેટલા ગ્રામ વજનનું છે?
(અ) ૩૦૦ ગ્રામ (બ) ૨૫૦ ગ્રામ (ક) ૨૦૦ ગ્રામ (ડ) ૧૫૦ ગ્રામ
(૧૩) 'માઈક્રોએરવેટિકલ' નામનું જાસૂસી ઉપકરણનું કાર્યક્ષેત્ર કેટલા કિલોમીટરની રેન્જમાં છે?
(અ) ૧૦ થી ૨૦ કિમી. (બ) ૬ થી ૧૨ કિમી.
(ક) ૧૫ ખી ૨૦ કિમી (ડ) ૨ થી ૫ કિમી.
(૧૪) માઈક્રોએરવેટિકલ એ કેટલી મિનિટમાં ઉડ્ડયનમાં અલગ-અલગ વિસ્તારોની તસ્વીરો ખેંચી શકે છે?
(અ) ૧૦ થી ૨૦ મિનિટ (બ) ૩૦ થી ૪૦ મિનિટ
(ક) ૫૦ થી ૬૦ મિનિટ (ડ) ૧૫ થી ૨૫ મિનિટ
(૧૫) 'માઈક્રોએરવેટિકલ' જાસૂસી ઉપકરણ કેટલા મીટરની ઊંચાઈએ ઉડાણ ભરતા સહેલાઈથી પોતાનું કામ કરી શકે છે?
(અ) ૧૦૦ થી ૨૦૦ મી. (બ) ૨૦૦ થી ૩૦૦ મી.
(ક) ૩૦૦ થી ૪૦૦ મી. (ડ) ૪૦૦ થી ૫૦૦ મી.




**● વિવિધા ●**

**વિષય :- ભારતના ઉદ્યોગો**

- કોલાર (કર્ણાટક) : સોનાની ખાણ
- લખનૌ : ખાંડ ઉદ્યોગ
- લુધિયાણા : હોઝિયારી
- મુરાદાબાદ : વાસણ ઉદ્યોગ
- મૈસૂર : રેશન ઉદ્યોગ
- નંદમબક્કમ : સર્જિકલ સાધનો
- નૈનગલ : ખાતર ઉદ્યોગ
- નેપાનગર (એમ.પી) અખબારના કાગળ
- નેવલી : લિગ્નાઈટ
- ઉટી (નિલગીરી) : ફિલ્મ ઉદ્યોગ
- પેરામ્બુર : ગાડીના ડબ્બા
- પિન્જોર (હરિયાણા) - મશીનરી
- રાણીગંજ : કોલસો
- સિંદરી : ખાતર ઉદ્યોગ
- સિંગભૂમી : તાંબુ, કાચું લોખંડ
- સિરપુર : કાગળ
- શિવાકાશી : દિવાસળી, પ્રિન્ટીંગ, ફટાકડા
- સુરત : હીરા ઉદ્યોગ
- ટીટાઘર : કાગળ મિલો
- ઉધના : રેયોન
- વન્દાલુર (ચેન્નાઇ) ઓટોમોબાઈલ
- વર્લી : બેબીફૂડ

**● ગયા સપ્તાહનો સવાલ...?**

સવાલ - બિહારનાં મુખ્યમંત્રી નિતિશકુમાર એન.ડી.એ. સરકારમાં કયા વિભાગનાં મંત્રી હતા?
જવાબ - રેલ મંત્રી (રેલ્વે વિભાગ)

**● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-**

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) ગોમતીબેન કનુભાઈ પરમાર : ૧૭૫૭/૨, સે-૨ડી
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) નટુભાઈ દરજી : પેથાપુર
(૫) રેખા. એમ. જાદવ : સે-૩૦
(૬) પલક. પિયુષભાઈ ગજ્જર : પેથાપુર

**● પૂછું એક સવાલ...?**

(૧) વ્યાસ તન્મય. એચ : સે-૪થી
પ્રશ્ન - આર્મી પોસ્ટલ સર્વિસ દિવસ કઈ તારીખે હોય છે?
જવાબ - ૧લી માર્ચ
(૨) પટેલ આકાશ જી. : સે-૨૩થી
પ્રશ્ન - વિવિધ ટીકીટોનાં સંગ્રહના અભ્યાસને શું કહે છે?
જવાબ - ફિલાટેલી
(૩) પટેલ રાહુલ એમ. : કોબા
પ્રશ્ન - મશીનગનના શોધક કોણ હતા?

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ...ગયા જનમમાં કોઈ પાપ કર્યા હશે એનાં ફળ ભોગવવાના દિવસો જોવાનો વારો આવ્યો છે! કહેતાં આંસુઓની ધારા વહેવા લાગી

**હૈયાનાં ઊંડાણ સં-વેદના**
- જય ગજ્જર

રાજેશ એના મિત્રના સર્જરીના સમાચાર સાંભળતાં એને 'બેસ્ટ વિશિઝ' કહેવા વિકટોરિયા હોસ્પિટલમાં પહોંચી ગયો. સર્જરી તો બે દિવસ પછી હતી પણ એને મળવા આવેલ મિત્રો અને સંબંધીઓનાં ધાડેધાડાં હતાં. ભીડ ઓછી થાય ત્યારે એને મળીશ એમ વિચારી એ એક બાજુ ઊભો રહી ગયો.

એ વખતે એકાએક એના કાને શબ્દો પડ્યા 'પાણી પાણી.' એણે જોયું તો સામેના એક કોટમાં એક વડીલ કાકા પાણી માટે બૂમો પાડતા હતા. પણ કોઈ નર્સ કે કોઈ એને ગણકારતું નહિ.

રાજેશને દયા આવતાં એણે બેચાર નર્સ ગૂપચૂપ ચર્ચા કરતી હતી. ત્યાં પહોંચી નમ્ર ભાવે કહ્યું, 'સિસ્ટર. પેલા કાકા ક્યારના પાણી માગે છે જરા કેર લો ને!'

'એ કાકાને પાણી જોઈતું નથી એ તો અમસ્તા બબડાટ કરે છે! ચાર દિવસથી એમની એક જ ધૂન છે 'પાણી... પાણી..' પાણીનું ભૂત વળગ્યું લાગે છે' એમ કહી રાજેશની વાતને ગણકારી નહિ.

રાજેશ દલીલ કર્યા વિના પાછો ફર્યો. એ વડીલ પાસે કોઈ જ ન હોવાથઈ આશ્ચર્ય થયું. એ એમના કોટ પાસે ગયો. ટેબલ પરનો પેશન્ટ ચાર્ટ ઉપાડી એ વાંચવા લાગ્યો.

વિનય મહેતા નામ વાંચતાં એક વિનય મહેતા એની આંખ સામે રમી રહ્યા.

મેટ્રિકમાં ફર્સ્ટ કલાસ પાસ થતાં એને આગળ અભ્યાસ માટે કોલેજમાં દાખલ થવું હતું. પણ કોલેજની ફી અને પુસ્તકો માટે પૈસા નહોતા. એના એક શિક્ષકે વિનય મહેતાનું નામ આપી એમને મળવા સલાહ આપી.

'બહુ ભલા અને વિદ્યાપ્રેમી સજ્જન છે. સરનામે એમને મળવા જા. તારી ફી અને પુસ્તકો માટે મદદ કરશે અને તારી કોલેજનો બધો ખર્ચ ઉપાડી લેશે! બહુ ધનવાન અને પરોપકારી શેઠ છે.'

રાજેશ શિક્ષકને વંદન કરી આભાર માની શેઠ વિનય મહેતાને મળવા પહોંચી ગયો.

વિનય શેઠે એને એમની કેબિનમાં બોલાવ્યો.

બહુ સાદી પણ પ્રભાવ પડે એવી આકર્ષક કેબિન હતી. શેઠ એક આરામખુરસીમાં બેસી પેપર વાંચતા હતા. રાજેશે પાસે જઈ નમસ્કાર કરી કર્યું, 'નમસ્કાર શેઠસાહેબ!'

'શેઠસાહેબ, કોલેજ જોઈને કરવી છે પણ ફી અને પુસ્તકોના પૈસા નથી. આપ કંઈ મદદ કરો તો મારાં સપનાં સાકાર થાય!'

' શાં સપનાં છે?'

'એમ.બી.એ. થવું છે. મેટ્રિકમાં એંસી ટકા અને ગણિતશાસ્ત્રમાં બસોમાંથી બસો આવ્યા છે.'

'અભિનંદન, તમારા બાપુ શું કરે છે?'

'વિજય મિલમાં કર્લાક હતા. રિટાયર્ડ થયા છે.'

'બાજુની કેબિનમાં મુનિમને તમારું પૂરું નામ, સરનામું અને કોલેજનું નામ સરનામું આપી એક અરજી આપી દો. દર વર્ષે તમારી માર્કશીટ પહોંચાડજો. ફી કોલેજમાં ભરાઈ જશે. પુસ્તકોની પહોંચ આપી પુસ્તકોના પૈસા લઈ જજો. ભણવામાં કાળજી રાખજો. આવજો!'

રાજેશ મુનિમને બધી માહિતી આપી ઘેર જઇ એના ડેડીને શેઠજીની ભલમનશાહીની વાતો કરી પોતાની ખુશાલી વ્યક્ત કરી.

બીજે દિવસે એચ.કે. કોમર્સ કોલેજમાં ગયો તો એની ફી ભરાઇ ગઇ હતી. અભ્યાસની ધૂનમાં પાંચ વર્ષ ક્યાં વીતી ગયા એની ખબરે ના પડી. એમ.બી.એ. ફર્સ્ટ કલાક પાસ થતાં રાજેશ શેઠનો આભાર માનવા શેઠજી. આપનું ઋણ હું જિંદગીભર નહિ ભૂલું. હું આજે જે કંઇ છું તે આપને પ્રતાપે છું.

મારે પ્રતાપે નહિ. તમારી મહેનત અને ઇશ્વરને પ્રતાપે તમને ફળ મળ્યું છે. જીવનમાં સદા સફળ થાઓ! ગુડ લક! કહી આશીર્વાદ આપ્યા.

શેઠનાં આશીર્વાદ ફર્યા. સારી જગ્યાએ લગ્ન થયા. મુંબઇમાં એક નામાંકિત કંપનીમાં નોકરી મળતાં એ મુંબઇ રહેવા ગયો. બે સોહામણાં બાળકોનો પિતા બન્યો. વિલે પારલેમાં એક બંગલો ખરીદી ખુશાલીભર્યું જીવન જિવાતું હતું. પણ આ જીવન બક્ષનાર શેઠને ભૂલી શકતો નહોતો. એક બે વાર અમદાવાદ જઇ તપાસ કરી હતી, પણ શેઠની કોઇ ભાળ નહોતી મળી. પણ શેઠના ઋણને કારણે આજે ખૂબ સુખી હતો. ક્યાંક વાંચેલું કે અમદાવાદની મિલો બંધ થતાં તે મુંબઇ આવ્યા હતા, પણ ક્યાં રહેતા હતા એની ખબર નહોતી. એમને બે દીકરા અને એક દીકરી હતા. પણ હોસ્પિટલમાં એમની પાસે કોઇ નહોતું એ જોઇ એને આશ્ચર્ય થયું.

રાજેશને દયા આવતાં એમનાં કોટ પાસે જઇ એની પાસેની બોટલ ખોલી કહ્યું, "કાકા, લો પાણી!"

એની સામે ટગર ટગર જોઇ એ બોલ્યા, "ભઇલા, મારાં દીકરા-દીકરાઓને મારી પડી નથી તો તું કોણ છે?"

રાજેશને આશ્ચર્ય થયું. એણે નમ્ર ભાવે કહ્યું, "તમે પાણી માગ્યું પણ આસપાસ કોઇ ન દેખાતાં મને દવા આવી!"

"ભઇલા જેની પાછળ મેં પાણીની જેમ ખોબે ખોબે પૈસા વેર્યા એ લોકો આ બાપને સંદત્તર ભૂલી ગયા છે અને તું કેમ દયાથી પ્રેરાયો?"

"હા, કાકા, મારા પર તમારો મોટો ઉપકાર છે. એ ઋણ અદા કરવાની મારી ફરજ છે!"

"સુખને હિંડોળે ઝૂલતા, સુખનાં સાગરમાં મહાલતા એ મારાં સંતાનો મને ભૂલી ગયા છે. ગયા જનમમાં કોઇ પાપ કર્યા હશે એનાં ફળ ભોગવવાના દિવસો જોવાનો વારો આવ્યો છે!" કહેતાં આંસુઓની ધારા વહેવા લાગી.

(ક્રમશઃ)